Seat No. : _______________

# XQ-103

**B.A. (Sem.-II)**
**April-2013**

## Gujarati (Core-111)

**પદ્ય : 'કલાપીનો કાવ્યકલાપ'**
**સંપાદક : અનંતરાય રાવળ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ ૪ પ્રશ્નો છે.
(૨) જમણી બાજુ જે તે પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

૧. (અ) ઊર્મિકાવ્યના સ્વરૂપ-લક્ષણોની વિસ્તારપૂર્વક ચર્ચા કરો. ૭

**અથવા**

કલાપીના જીવન અને કવનને ઘડનારાં પરિબળોનો ખ્યાલ આપો.

(બ) 'કલાપીનો કાવ્યકલાપ'ને આધારે કલાપીની કવિ તરીકેની સિદ્ધિઓ અને મર્યાદાઓની ચર્ચા કરો. ૭

**અથવા**

"કલાપીની કવિતાનો સારો એવો ભાગ એક સાચદિલ પ્રેમીની પદ્ય-આત્મકથા છે." – આ વિધાનની સાધકબાધક ચર્ચા કરો.

(ક) વિસ્તૃત નોંધ લખો : કલાપીનાં કાવ્યોમાં પ્રકૃતિ નિરૂપણ ૭

**અથવા**

'ગ્રામ્યમાતા' કાવ્યની સમીક્ષા કરો.

(ડ) નીચેના છંદોનું બંધારણ ઉદાહરણસહ સમજાવો. ૭

શાર્દૂલ વિક્રીડિત, સ્ત્રગ્ધરા, ઝૂલણા

**અથવા**

નીચેના અલંકારોની વ્યાખ્યા આપી સદ્દષ્ટાંત સમજાવો :

વર્ણાનુપ્રાસ, અનન્વય, શ્લેષ

૨. (અ) ગુજરાતી ઊર્મિકવિતાના વિકાસના મહત્ત્વના તબક્કા દર્શાવો. ૪

**અથવા**

કલાપીના સમગ્ર સાહિત્યસર્જનનો સંક્ષિપ્ત પરિચય આપો.

(બ) 'આપની યાદી' કાવ્યનું ગઝલ તરીકે મૂલ્યાંકન કરો. ૪

**અથવા**

'નદીને સિન્ધુનું નિમંત્રણ' કાવ્યની વિવેચનાત્મક ચર્ચા કરો.

(ક) ટૂંકનોંધ લખો : કલાપીનાં કાવ્યોમાં પ્રભુપ્રેમની અભિવ્યક્તિ. ૪

**અથવા**

ટૂંકનોંધ લખો : 'કમલિની' કાવ્યમાં પ્રકૃતિ વર્ણન.

(ડ) નીચેની પંક્તિઓના છંદ ઓળખી તેનું બંધારણ આપો : ૪

(i) 'આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,
જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે.'

(ii) 'નદી દોડે, સોડે ભડ ભડ બળે ડુંગર વનો,
પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી.'

**અથવા**

નીચેની પંક્તિઓમાં રહેલા અલંકાર ઓળખી સમજાવો :

(i) 'જાણે ઉત્સવ છે આસમાનોમાં,
દીવડા બેશુમાર સળગે છે.'

(ii) 'આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે.'

૩. ટૂંકમાં ઉત્તર આપો :

(અ) છ સાંપ્રત ગુજરાતી ઊર્મિકવિઓનાં નામ આપો. ૩

**અથવા**

મધ્યકાલીન યુગમાં ઊર્મિકવિતાના કયા પ્રકારો ખેડાયા છે ? એ પ્રકારોમાં કામ કરનાર પ્રમુખ કવિઓનાં નામ આપો.

(બ) 'મને જોઈને ઊડી જતાં પક્ષીઓને' કાવ્યનો મર્મ સમજાવો. ૩

**અથવા**

કલાપીની ગઝલો પર ઉર્દૂ ભાષાના પ્રભાવનો સંક્ષિપ્ત ખ્યાલ આપો.

(ક) 'ભવિષ્યના કવિને' કાવ્યમાં રહેલા બોધ તત્ત્વ વિશે નોંધ લખો. ૩

**અથવા**

'નવો સૈકો' કાવ્યમાં કલાપીએ કેવા શબ્દોમાં શુભેચ્છાઓ વ્યક્ત કરી છે ?

(ડ) અનુષ્ટુપ છંદનું બંધારણ અને ઉદાહરણ આપો. ૩

**અથવા**

વ્યતિરેક અલંકારની વ્યાખ્યા સહ ઉદાહરણ આપો.

૪. યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : **૧૪**

(૧) ઊર્મિકાવ્યનું સૌથી ટૂંકું સ્વરૂપ ________ છે. (મુક્તક, હાઈકુ, હાઈન્કા, ટાન્કા)

(૨) ગુજરાતી સાહિત્યકાર ________ એ ઊર્મિકવિતા લખી નથી. (ન્હાનાલાલ, ઉમાશંકર જોશી, કનૈયાલાલ મુનશી, ચન્દ્રકાન્ત શેઠ)

(૩) કલાપીનાં પત્ની રાજબા ________ ના રાજકુમારી હતા. (લાઠી, રાજકોટ, કોટડા સાંગાણી, કચ્છ-રોહા)

(૪) કલાપીએ પોતાની પ્રિયતમાને ________ નામ આપેલું. (શોભના, શોભા, શોભિતા, શોભાંગિની)

(૫) કલાપીની 'કાશ્મીરનો પ્રવાસ' કૃતિ ઈ.સ. ________ માં પ્રગટ થઈ હતી. (૧૮૯૩, ૧૮૯૨, ૧૮૯૧, ૧૮૯૦)

(૬) 'ગુર્જર ભાષાનાં સારાં પુસ્તકોમાં એવું ભાગ્યે જ હશે કે જેનું મેં મનન ન કર્યું હોય.' આવું કલાપીએ ________ ને પત્રમાં લખ્યું હતું. (કાન્ત, મણિલાલ દ્વિવેદી, ગોવર્ધનરામ ત્રિપાઠી, સરદારસિંહ રાણા)

(૭) ઈ.સ. ________ માં કલાપીનું અવસાન થયું હતું. (૧૮૯૯, ૧૮૯૮, ૧૯૦૦, ૧૯૦૧)

(૮) 'વીણાનો મૃગ' ________ પ્રકારનું કાવ્ય છે. (આખ્યાન, મહાકાવ્ય, પ્રબંધકાવ્ય, ખંડકાવ્ય)

(૯) 'રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે.' આ પંક્તિ ________ કાવ્યમાં છે. ('એક ઘા', 'મૃત્યુ', 'ઉત્સુક હૃદય', 'બે કળી')

(૧૦) 'આપની રહમ' ગઝલમાં કવિનો ________ પ્રેમ વ્યક્ત થયો છે. (પ્રકૃતિ, વ્યક્તિ, પ્રભુ, માતૃ)

(૧૧) ________ કાવ્યમાં કલાપીએ મહાકાવ્ય રચવાનો પ્રયાસ કર્યો છે. ('બિલ્વ મંગલ', 'હૃદય ત્રિપુટી', 'સારસી', 'હમીરજી ગોહેલ')

(૧૨) 'પુષ્પ' કાવ્યમાં કલાપીએ ________ છંદ પ્રયોજ્યો છે. (પૃથ્વી, શિખરિણી, મંદાક્રાન્તા, ઉપજાતિ)

(૧૩) 'મળ્યાં તુજ સમીપ અગ્નિ ! તુજ પાસ જુદાં થિયે,

કહે, અધિક ભવ્ય મંગલ નથી શું એ સુંદરી ?' આ કાવ્યપંક્તિઓમાં ________ છંદ પ્રયોજાયો છે. (શિખરિણી, મંદાક્રાન્તા, શાર્દૂલ વિક્રીડિત, પૃથ્વી)

(૧૪) 'ગામ, ઘર કે ના ગલી,

જિપ્સી જેવો છે સમીર.' આ કાવ્યપંક્તિઓમાં ________ અલંકાર પ્રયોજાયો છે. (વ્યાજસ્તુતિ, વ્યતિરેક, ઉપમા, ઉત્પ્રેક્ષા)